
# અરુણોદય

મે – ૨૦૧૯

અંક – ૨૨



## સંપાદકીય બોર્ડ

- એચ.કે. જોષી
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર

## અનુક્રમણિકા


– દોસ્તી , મોબાઈલ સિવાયની પણ દુનિયા છે

– પર્યાવરણ સંવર્ધન........

– ગરવી ગુજરાત

– માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ

– અદ્દશ્ય વાડને ઓળંગો

– ON MOTHER'S DAY

– શાળા ની પ્રવૃતિઓ

# દોસ્તો , મોબાઈલ સિવાયની પણ દુનિયા છે



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

આજનો યુગ આધુનિક અને ઝડપી છે. દિવસે ને દિવસે ટેકનોલોજીમાં ફેરફાર આવતાં જાય છે. તો વળી સાથે સાથે આજનો માનવા પણ યંત્રવત બનતો જાય છે. દરેક વ્યક્તિNo time , No time ની જ ફરીયાદ કરતો રહેલો છે.ભાગદોડ વાળી જિંદગીમાં તેનો કિંમતી સમય ક્યાંય વેડફાઇ જાય છે. સુખ સુવિધા વધી તેમ તેમ તેમાં શુષ્કતા પણ આવવા લાગી. સમયને ખુદ વાપરી જાણતો નથી પણ સમય તેને વાપરી જાય તેવી સ્થિતિ આજના યુવાનની ઊભી થઇ છે.

આજના યુવાનો આગળ વધવાની , કંઇક બનવાની , પ્રસિધ્ધ થવાની આશા સાથે જીવે છે પરંતુ શું તેની દરેક આશાઓ પૂર્ણ થાય છે ખરી ? તેનો જવાબ મોટાભાગે 'ના' માં મળે. કારણકે ઈચ્છિત વસ્તુ મેળવવા કે પામવા અતિશય મહેનતની જરૂર પડે છે. મહેનત કે પરિશ્રમનો સમય જ ક્યાં મળે છે ? મોટાભાગનો યુવા વર્ગનો સમય મોબાઇલમાં જ દૂરુપયોગ વધવાથી સમય વેડફાઇ જતો હોય તેવું લાગે છે.

મોબાઇલ જેવું ટચૂકડું સાધન બાળકો, યુવાનો કે વડીલોને જાણે પાંગળું બનાવી દે છે. મોબાઇલમાં રચ્યાપચ્યા રહેતા લોકોને પરિવાર સાથે બેસીને ભોજન લેવાનો સમય પણ મળતો નથી. ભોજન લેવા સાથે બેસે તો પણ ધ્યાન તો ટીવી કે મોબાઇલમાં જ હોય.

વળી તે પરિવાર, મિત્રો , સમાજ થી જાણે અલિપ્ત થતો જાય છે. મોબાઇલથી તે દેશ વિદેશની ઘતનાઓ જાણી શકે છે પણ પડોશમાં બનતી ઘટનાઓ થી તે બેખબર રહે છે. ઉષ્મા અને લાગણીના સંબંધો પણ મોબાઇલ આવવાથી શુષ્ક બનતા જાય છે. ગ્રહો ઉપર જનાર વ્યક્તિના પૂર્વગ્રહો છૂટતાં નથી. વધુ પડતો ઉપયોગ ઘાતક સાબિત થાય છે.

મોબાઇલમાં વ્યસ્ત વ્યક્તિ પોતાની જાત માટે સમય કાઢી શક્તો નથી. નવા વિચારો કરવાનો, મોજ મજા કરવાનો કે જાત માટે જીવવાની તેને ફુરસદ જ મળતી નથી. એમાંય વળી નજીકમાં જ આવનાર વેકેશનમાં તો બાળકો outdoor game ના બદલે indoor game જ મોબાઇલ માં રમીને પોતાનો સમય પસાર કરશે. બાળમિત્રો સાથે રમવાનો તેને રોમાંચ નથી.

દોસ્તો, મોબાઇલ નો સદુપયોગ આપણાં સૌ માટે આશીર્વાદ રૂપ છે. પણ તે અભિશાપ ન બની જાય તે માટે બાળકો, મિત્રોને જરૂર સમજાવીએ. મોબાઇલ સિવાયની પણ દુનિયા છે તેને પણ જીવવાનો પ્રયત્ન કરીએ અને આનંદથી જીવન વિતાવીએ.

# પર્યાવરણ સંવર્ધન.........



શૈલેષકુમાર જયંતિલાલ મહેતા,
આચાર્યશ્રી, શ્રી એસ.કે.વી.વિધાયલય.

આખી દુનિયામાં "ક્લાઈમેટ ચેન્જ" અને "ગ્લોબલવોર્મિંગ" નામની બે બાબતોએ ચિંતા અને હાહાકાર મચાવ્યો છે. વૈજ્ઞાનિકોએ , પર્યાવરણવાદીઓએ વૈશ્વિક ચિંતનોમાં વખતોવખત આ ચેતવણી ઉચ્ચારી છે. તેમની આ ભાવિ ચેતવણી સાચી પડવાની અનેક ઘટનાઓ ભારત અને વિશ્વમાં આકાર લઈ રહી છે. સતત ધ્યાને મૂકવામાં આવેલી આ ગંભીર ચેતવણી અંગે મારે શું અને મારું શું ? બીજાનું થશે તે આપણું થશે પછી ઉપરવાળો જે કરે તે ખરું. આમ આવા ત્રણ બેજવાબદાર કથનોથી આપણી જવાબદેહિતાના પોટલાં છોડવામાં આપણે પાવરધા બની ગયા છીએ. વળી આવી ઘટના બને તો સ્મશાનવૈરાગ્ય જેવી હૈયાવરાળ કાઢીને પછી હોતા હૈ ચલતા હૈ માં આપણે બધું ભૂલી જઈએ છીએ.

વરંવાર કહેવાનું મન થાય છે કે, ભાવિ પેઢીને આપવા જેવો કિંમતી વારસો જો કોઈ હોય તો તે પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધનની સઘન તાલીમ. જગતમાં **'પર્યાવરણ પરમો ધર્મ'** ની સ્થાપના થઈ ચુકી છે. બીજા બધા ધર્મોથી આ ધર્મ વધુ અસરકારક અને પ્રભાવક બનવા જઈ રહ્યો છે. વળી તેની ઉપેક્ષા કરવામાં આવશે તો જગતનો કોઈ ધર્મ માનવજાતને ઉગારી શકે તેમ નથી. ત્યારે આ મહાન ધર્મ ઉજાગર કરવાની પવિત્ર જવાબદારી આપણા સૌની છે. આવી પર્યાવરણની જાળવણીની જવાબદારી અપણે સૌ મનથી સ્વીકારીને અમલમાં મુકીશુ તો જ આપણે ભાવિ પેઢીને પર્યાવરણનો અમુલ્ય વારસો આપી શકીશું. જેના માટે આપણે સૌએ નીચે જણાવેલ કેટલીક બાબતો અમલમાં મુકીએ.

(૧) ઘરમાં પાણી અને વીજળીનો ઉપયોગ કરકરસપૂર્વક કરીએ.

(૨) નકામાં કચરામાંથી ખાતર બનાવી શકાય જેનો ઉપયોગ ઝાડ-પાનના ઉછેર માં કરી શકાય.

(૩) વાપરેલ પ્લાસ્ટિકના ગ્લાસમાં , નીચે અગરબત્તીથી બે કાણા પાડી કોકોપીટ (નાળિયેરના છોતરાનો ભૂકો) તથા માટી મિશ્રણ કરી મેથી , ફુદીનો , લસણ વાવી શકાય , જેને 'બેસ્ટ ફ્રોમ વેસ્ટ' કહી શકાય.

(૪) પ્લાસ્ટિકનો ઉપયોગ નહિવત કરવો અને જો ઉપયોગ કરો તો પ્લાસ્ટિકનો ઉપયોગ થઈ ગયા પછી તેનો યોગ્ય નિકાલ કરવો.

**' પર્યાવરણ પરમો ધર્મ'** ની વૈશ્વિક બાબતને ચરિતાર્થ કરવા આપણે સૌ સંકલ્પબધ્ધ બનીએ તેવી સૌને પ્રાર્થના.

# ગરવી ગુજરાત



Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.

૧ મે ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે
ગરવી ગુજરાત
જય જય ગરવી ગુજરાત જેની ગાથા છે ગર્વીલી
જય જય ગરવી ગુજરાત
મીરાંબાઈને નરસિંહ મહેતા , મેઘાણીને કવિકાંતની ભૂમિ
નર્મદે મહિમા ગાયો ગુર્જરનો કવિતાઓમાં અપાર
જય જય ગરવી ગુજરાત
ગાંધીજી સરદાર પટેલને રવિશંકરે જ્યાં જન્મ લીધો
એવી શૂરોની ધરતીની હું ગુર્જરી નાર
જય જય ગરવી ગુજરાત
જ્યાં સાવજસામે ડંગ ઉઠાવે ચૌદ વરસની બાળ
' ચારણકન્યા' જેવી શૂરીલી કવિતાઓ ગુજરાતની શાન
જય જય ગરવી ગુજરાત
વીરોની શૌર્યતા જ્યાં પાળિયા બાંધી પૂજાય
સાવજને પોષતી સૌરાષ્ટ્રની ધરતી 'ગીર' ગુજરાતનું અભિમાન
જય જય ગરવી ગુજરાત
ગોકુળ છોડી શ્રીકૃષ્ણએ દ્વારકાને વ્હાલું કર્યુ
કૃષ્ણતણા પરાક્રમની પુણ્ય વિરલ ગુર્જર ભોમ
જય જય ગરવી ગુજરાત
જ્યાં ડુંગરે ડુંગરે માતા કેરો મહિમા અપરંપાર
સોમનાથના ડંકે ગુંજે હર હર કેરો નાદ
જય જય ગરવી ગુજરાત
તહેવારોની મજા અનેરી હર ઉર મારે હરખ હલેસા
રાસની રમઝટ બોલાતી જ્યાં ગરબા આગવી ઓળખ
જય જય ગરવી ગુજરાત
ગુર્જરવાણી સૌને વ્હાલી ચોતરફ ગુજરાતની મહોલાત
જયાં જયાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
જય જય ગરવી ગુજરાત

# માનવતાનું
# શ્રેષ્ઠ ઉદાહરણ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

મનુષ્ય માત્ર સમાજ પાસેથી અખૂટ મેળવે છે. હાલતા ચાલતાં નિતનવી ઘટનાઓ આપણને જીવાતી જિંદગી માંથીજ મળી આવે છે. **ઘણી ઘટનાઓ આપણને જીવનમાં ઘણું બધું શીખવાડી જતી હોય છે.** આવો જ એક હદયસ્પર્શી પ્રસંગ જાણવા મળ્યો. નાની નાની વાતો પણ ક્યારેક આપણા કાન ચમકાવી દે છે અને ઉપદેશક બની જાય છે.

એક અતિ ગરીબ ચીંથરેહાલ ભંગાર ખરીદવા લારી લઈ નીકળે છે. હાથલારી પર બેઠેલો પાંચ – સાત વરસનો પુત્ર અને પિતા બેઉ **'એ ભંગાર આલો ને કહીને લહેકાથી રાડો પાડે છે.** બપોરના બે વાગ્યાનો સમય થયો. પુત્ર રડમસ અવાજે પિતાને કહે છે : **મને થોડું ખાવાનું અપાવોને** ખૂબ ભુખ લાગી છે. કરગરતા પુત્રને જોઈને પિતા વ્યથા અનુભવે છે. **ગરીબોને અન્ન સાથે અને અમીરોને ભૂખ સાથે છેટું.** અમીરોની ભૂખની ઝંખના અને ગરીબોને અન્નની બંનેમાં એક એક વાત ખૂટે.

બપોરના સમયે એક ઘરમાંથી એક સજ્જન બહાર આવે છે. બાપ – દિકરાની હાલત જોઈ તે સજ્જન પોતાની પત્નીને કહે છે : **આપણાં ઘરમાં જે શાક અને થેપલાં પડયાં છે તે આ ભૂખ્યા બાપ – દિકરાને આપી દેને.** ધનવાન સ્ત્રી જવાબ આપે છે : 'કભી ખુશી કભી ગમ' પિકચર જોઈને આપણે આવશું તે પછી હું રોટલા ટીપવાની નથી. **એમેય પત્ની આગળ પુરુષ હારે જ છે ને ?** પેલા ભંગારીયાની લારી લઈને નિકળેલા બાપ– દિકરો હવે આગળ વધે છે. ત્યાં વૃક્ષ નીચે છ – સાત ભિખારી જે વધ્યું ઘટયું મળેલું હતુંતે જમતા હતાં. ભીખમાં મળેલી વસ્તુ છાપા પર પાથરીને ખાતાં હતાં. એમાં એક બારેક વરસનો ભિખારીનો છોકરો જાત અનુભવથી સમજી ગયો. આ બેઉ બાપ- દિકરો આપણી જેમ ભૂખ્યા છે તેમ પોતાની માને કહી દોડતો પેલા બાપ – દિકરાને બોલાવી લાવે છે **'છોને આપણી જોડે બે કોળીયા ભરી લેતાં'** . તેમ કહી પાસે બોલાવી પ્રેમથી જમાડે છે. ત્યારે આપણને જરૂર અહેસાસ થાય કે **આ ભિખારીઓમાં ન હતો ધર્મ કે વર્ગનો ભેદભાવ. પરંતુ કેવળ જોવા મળી પારદર્શી માનવતા.** પરસ્પર વિરોધી વાત છે છતાં વાત છે જિંદગીની કડવી સચ્ચાઈની . **ધનિકોના અભિગમ સામે ભિખારીનો અભિગમ મેદાન મારી જાય છે** આપણે જરૂર વિચારવું રહ્યું . આપણે ખરેખર ક્યાં ઉભા છીએ ? બસ, ફક્ત જરૂર છે આંતર– મનમાં ઝાંખવાની.

# અદશ્ય વાડને ઓળંગો



એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

જીવનમાં આગળ વધવા માટે નિર્ણયો કરવા મનુષ્યના હાથમાં હોય છે. ત્યારે મનુષ્યની આ નિર્ણય શક્તિ ઘડવા માટે ઘણીબધી બાબતો , પરિસ્થિતિ , પરિબળો જવાબદાર હોય છે. માણસ જે પરિસ્થિતિમાંથી પસાર થાય છે તેટલું વિચારીને ઘડાતો જાય છે. પરંતુ આ પરિસ્થિતિઓ માંથી પસાર થતા થતા માણસના મનમાં કેટલીક બાબતો ઘર કરી જાય છે જેને આપણે લઘુતાગ્રંથિ તરીકે ઓળખાવી શકીએ. આ લઘુતાગ્રંથિ માણસના મનમાં ઘર કરી જાય છે અને જીવનમાં તેને આગળ વધતા અટકાવે છે.

મોસ્કોના પ્રાણિસંગ્રહલયમાં એક સુંદર મનોવૈજ્ઞાનિક પ્રયોગ કરવામાં આવ્યો જેમાં બે હરણને મોટા વિસ્તારમાં કાંટાની વાડ બનાવીને રાખવામાં આવ્યા. શરૂઆતમાં આ હરણ દોડતા, દોડતા કાંટાની વાડ સુધી જતા અને આગળ વધવાનો પ્રયત્ન કરતા. ક્યારેક લોહીલુહાણ થઈને થાકીને પાછા ફરતા. શરૂઆતના એકાદ મહિના સુધી આ પ્રકારની ક્રિયા ચાલી. છેવટે હરણે માની લીધુ કે આ કાંટાની વાડની સામે તરફ ન જઈ શકાય. બીજા મહિના દરમ્યાન કોઈ પ્રયત્ન હરણ દ્વારા કરવામાં ન આવ્યો. છેવટે વાડને બે મહિના બાદ દૂર કરવામાં આવી. હવે હરણ સ્વતંત્ર છે જ્યાં જવું હોય ત્યાં જઈ શકે છે. છતાં હરણ આ કાંટાની વાડની હદ સુધી જતાં અને હવે કાંટાની વાડ ન હોવા છતાં તેઓ ત્યાંથી પાછા આવી જતા.

ટૂંકમાં મનુષ્યના જીવનમાં પણ બાળપણથી લઈને મોટા થાય ત્યાં સુધી અનેક અદૃશ્ય વાડ બંધાઈ જાય છે. જે તેમના વિકાસને રુંધે છે. બાળપણમાં પોલીસની બીક બતાવવામાં આવે , સાધુનો ડર , ઊંચાઈનો ડર , પાણીનો ડર બતાવવામાં આવે જે ક્યારેક મોટા થવા છતાંય તેમના મનમાં આ ડર જોવા મળે છે. મારા જ એક મિત્ર અને અમે સહપાઠીઓ બી.એડ્. ના સમયમાં કરવા ગયા ત્યારે નદીમાં સ્નાન કરવા બધા ગયા. પરંતુ મારો એક મિત્ર પાણીથી વીસ ફૂટ દૂર રહ્યો. પાણી વધારે કાંઈ નહોતું. તેને જણાવ્યું કે કિનારે માત્ર પગ પલાળીને ઊભો રહે પણ તે ન આવ્યો. તેનો ચહેરો ભયભીત લાગ્યો. પૂછવામાં આવ્યું તો ખબર પડી કે મામાં સાથે દરિયામાં ન્હાવા જતાં ડૂબવાનો અનુભવ થયો હતો.

મિત્રો આ અદૃશ્ય વાડ (લઘુતા ગ્રંથિ) માણસને આગળ વધતા અટકાવે છે. ઘણી બધી માન્યતાઓ ધાર્મિક બાબતો આપણને કૂપમંડૂકતા તરફ લઈ જાય છે. આપણને તેને જ વિશ્વ માનીએ છીએ અને સત્યથી અજાણ રહીએ છેએ. ત્યારે છેલ્લે એટલું જ કહેવું છે કે આપણે આપણા મનને દીર્ઘદૃષ્ટિ થી વિચારીને વિકાસ તરફ , સત્ય તરફ આગળ વધીએ. 'મારું ને સાચું બીજાનું ખોટું એવી માન્યતા ઓ માંથી બહાર આવીએ.



*Bina D. Bhatt*
*Sec. School Teacher*

# ON MOTHER'S DAY( SUNDAY 12$^{TH}$ MAY 2019)

**MOTHER'S DAY is celebrated all over the world on different dates. It falls on different dates depending on the countries where it is celebrated . It is held on the SECOND SUNDAY OF MAY.**

**MOTHER'S DAY is a celebration honouring mothers and the influence of mothers in society . It complements FATHERS'S DAY the celebration honouring fathers. Let's honour the women who raised us and all the mothers who sacrificed for their children.**

**I would like to celebrate it by dedicating this poem to ALL MOTHERS**

**'MOTHER O MOTHER, you cannot become like a father,**

**You have a soft heart and gesture,**

**You cannot leave your family ever,**

**You are ready to do for them whatever,**

**You will flow your love for them and nurture,**

**You can sacrifice for them and dare,**

**Next to GOD you are O MOTHER,**

**MOTHER O MOTHER YOU ARE MOTHER.**

**HAPPY MOTHER'S DAY TO ALL MOTHERS……………………..**

# શાળા ની પ્રવૃત્તિઓ

## એસ.કે.વી. વિદ્યાલય -વર્માનગર

**શાળા નું ગૌરવ**



રૂચિતા મનોજકુમાર સાપાનેરા

**રાષ્ટ્રીય પ્રતિભા શોધ (NTSE) પરિક્ષામાં કચ્છમાં ચોથા ક્રમાંકે**

### રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

#### પ્રમાણપત્ર

સહર્ષ પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી RUCHITA SAPANERA શાળા S.K.V. VIDHYALAYA PRI SHALA તા. LAKHAPAT જિ. KACHCHH એ વર્ષ ૨૦૧૮ માં રાજ્ય પરીક્ષા બોર્ડ ,ગુજરાત દ્વારા લેવાયેલ રાષ્ટ્રીય પ્રતિભા શોધ કસોટી(NTSE) ના પ્રથમ તબક્કાની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ બીજા તબક્કાની પરીક્ષા માટેની યોગ્યતા પ્રાપ્ત કરેલ છે. આપની ઉજ્જવળ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવતાં આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આપની આવતીકાલ વધુ ઉજ્જવળ બને અને આપ વિદ્યાકીય ક્ષેત્રે સિદ્ધિના સોપાનો સર કરો એવી શુભેચ્છા. આપ આત્મશ્રદ્ધા સાથે વિકાસના વાહક બનીને ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો એવી શુભકામના.

અભ્યાસની ક્ષિતિજે સફળતાનું સપ્તરંગી મેઘધનુષ કંડારવા બદલ આપને પુન: અભિનંદન.

સ્થળ: ગાંધીનગર
તારીખ:18/04/2019

| સચિવ | અધ્યક્ષ |
|---|---|
| રાજ્ય પરીક્ષા બોર્ડ | રાજ્ય પરીક્ષા બોર્ડ |
| ગાંધીનગર | ગાંધીનગર |

"જો સફળતા પ્રાપ્ત કરવી હોય તો આપણી પાસે પ્રચંડ ખંત અને દ્રઢ ઇચ્છાશક્તિ હોવા જોઇએ.- સ્વામી વિવેકાનંદ"

### State Examination Board Gujarat State, Gandhinagar

**National Talent Search Exam -2018**

| | |
|---|---|
| Conf No : | 4153890 |
| Roll No : | 118938 |
| Student Name : | RUCHITA SAPANERA |
| Date of Birth : | 05 Aug 2003 |
| Category : | OBC |
| Name Of School & Address : | S.K.V. VIDHYALAYA PRI SHALA<br>SKV NAGAR, LAKHAPAT, KACHCHH |
| **Exam Details :** | |
| Exam Name : | National Talent Search Exam -2018 |
| Exam Date : | 04 November 2018 |
| Part1 : Obtain Marks (Out of 100) | 50 |
| Part2 : Obtain Marks (Out of 100) | 45 |
| Total Obtain Marks (Out of 200) | 95 |
| Result | Selected for Stage-2 Exam |
| Remarks | |

This is Statement of Mark of National Talent Search -2018 Exam held on 04 November 2018 by State Examination Board, Gujarat State, Gandhinagar.

Date :18/04/2019 Place : Gandhinagar

| Secretary | Chairman |
|---|---|
| State Examination Board | State Examination Board |
| Gujarat | Gujarat |



## ⇨ અન્ય ઉતિર્ણ વિદ્યાર્થીનીઓ ⇦



### State Examination Board Gujarat State, Gandhinagar

**National Talent Search Exam -2018**

| | |
|---|---|
| Conf No : | 4147053 |
| Roll No : | 144908 |
| Student Name : | SWATI SORATHIYA |
| Date of Birth : | 07 Oct 2003 |
| Category : | General |
| Name Of School & Address : | S.K.V. VIDHYALAYA ENGLISH<br>VARMANAGAR TA.LAKHPAT DIST. KUTCH , PIN- 370601, LAKHAPAT, KACHCHH |
| **Exam Details :** | |
| Exam Name : | National Talent Search Exam -2018 |
| Exam Date : | 04 November 2018 |
| Part1 : Obtain Marks (Out of 100) | 68 |
| Part2 : Obtain Marks (Out of 100) | 81 |
| Total Obtain Marks (Out of 200) | 149 |
| Result | Qualified But Not Selected for Stage-2 Exam |
| Remarks | |

This is Statement of Mark of National Talent Search -2018 Exam held on 04 November 2018 by State Examination Board, Gujarat State, Gandhinagar.

Date :18/04/2019 Place : Gandhinagar

Secretary Chairman

### State Examination Board Gujarat State, Gandhinagar

**National Talent Search Exam -2018**

| | |
|---|---|
| Conf No : | 4149501 |
| Roll No : | 144907 |
| Student Name : | HETANGIBEN DESAI |
| Date of Birth : | 12 Dec 2003 |
| Category : | General |
| Name Of School & Address : | S.K.V. VIDHYALAYA ENGLISH<br>GMDC COLONY VARMANAGR TA. LAKHPAT DIST. KUTCH, LAKHAPAT, KACHCHH |
| **Exam Details :** | |
| Exam Name : | National Talent Search Exam -2018 |
| Exam Date : | 04 November 2018 |
| Part1 : Obtain Marks (Out of 100) | 64 |
| Part2 : Obtain Marks (Out of 100) | 81 |
| Total Obtain Marks (Out of 200) | 145 |
| Result | Qualified But Not Selected for Stage-2 Exam |
| Remarks | |

This is Statement of Mark of National Talent Search -2018 Exam held on 04 November 2018 by State Examination Board, Gujarat State, Gandhinagar.

Date :18/04/2019 Place : Gandhinagar

Secretary Chairman





# સિલ્વર જોન ઓલિમ્પીયાડ પરીક્ષાના તેજસ્વી તારલા














# ધોરણ-૮ વિદાય















## શ્યામજી કૃષ્ણ વર્મા જન્મ જયંતિની ઉજવણી









## શનિવાર ની પ્રવૃતિ